શિક્ષક શાયરી
શિ-શિસ્ત
ક્ષ-ક્ષમાં
ક- કર્મ
આ જડીબુટ્ટી થી ઘૂટી જીવન , નવ જીવન જે બક્ષે તે ખરા શિક્ષક...!!!
આવા તમામ નામી અનામી શિક્ષકો ને આજ શિક્ષક દિન નિમિત્તે કોટી કોટી પ્રણામ
========================================
મારી કોરી પાટી અને કોરા મન પર કકકા અને બારાખડી થી જ્ઞાનના પ્રથમ હસ્તાક્ષર કરાવનાર એ હાથ અને શિર ને નમન છે.
કલમ સાથે મારા અજ્ઞાનના અંધકારને મિટાવવા પ્રજવલિત જયોત અને સ્ત્રોતને નમન છે.
ભાષા સાથે ભાન, ભણતર સાથે ગણતર અને સંજ્ઞા સાથે સમજણ આપનારને નમન છે,
શર્મવાદી અને ભ્રમવાદીને, એક  કર્મવાદી અને જ્ઞાનપીપાસુ બનાવવામાં જહેમત લઈ ખુદ તપી મને દિપાવનાર એ વેદીના શ્રમવાદી એવા સર્વે ગુજ્જનોને નમન છે.

કાગળ કલમ પકડતાં આવડતું હતું માત્રા શબ્દો એમાં રચતાં તમે શીખવાડ્યું....
જ્ઞાન હતું બધું અધૂરું અમ સૌ નું અહીં સંપૂર્ણ કરી એને પૂર્ણતા તરફ તમે વાળ્યું.
ઝાંખો દીવડો બળતો હતો ભીતર મન માં જ્ઞાન ની જ્યોત નું તેલ તમે પાર પાડ્યું...
આપ્યો જ્ઞાન નો આખો ભંડાર અમને ભવિષ્ય માટે તમે તૈયાર થતાં શીખવ્યું...
જે કર્યો છે ઉપકાર એ કદી નહીં વિસરાયા
જીવન ના અંધકાર ને દૂર કરી અમારા ભૂલો સુધારી રોશની નું કિરણ બતાવ્યું..
બંધ હતાં દરવાજા અમારા અંતર મન ના વિશાળ તક આપી અમ હુનર બિરદાવ્યું..
જીવન જેટલું સજે છે માતા પિતા ના પ્રેમ થી. એટલું જ મહેકે છે
એક શિક્ષક ના આશિષ થી સમાજ કલ્યાણ માં જેટલા માતા પિતા છે ખાસ એટલી જ શિક્ષક થકી વધે છે
આપણી શાખા જે કાંઈ પણ શીખવ્યું જે પણ કાંઈ પામ્યા તુજ પાસ નથી કોઈ શબ્દ જતાં આપનો આભાર માટે..
- હે ગુરુજન

કોરી પાટી માં સુંદર અક્ષરો રૂપી કેળવણી કરીને
મારી જિંદગી ને નવો વળાંક આપવા બદલ થેંક્યું !
ભૂલકાં સામે ભૂલકાં બની લાગણી વરસાવી ને
મને અમૂલ્ય જીવન નું મૂલ્ય સમજાવવા બદલ થેંક્યું!
'શાબાશા' 'વાહ' ખૂબ સુંદર ' જેવા શબ્દો કી ને
મને આભપ્રેરીત કરી સિદ્ધિ હાંસલ કરવા બદલ થેંક્યું !
સંઘર્ષો માં સમય શિસ્ત ધીરજ સાથે જુસ્સો શીખવીને
મને આ સ્તર સુધી પહોંચાડવા બદલ દિલ થી થેંક્યું !

---

ટેકનોલોજીના યુગમાં ICUમાં ધબકતો હું શિક્ષક
સરકારના વિકાસમાં નજર અંદાજ થતો હું શિક્ષક
ચાર દીવાલો સાચવવા મરી પડતો હું શિક્ષક
અભણના ઈન્ટરવ્યુમાં નાપાસ કરાતો હું શિક્ષક
પાઠ્યક્રમના કાયદામાં કેદી બનતો હું શિક્ષક
આચાર્ય અને વાલીઓ વચ્ચે ભીંસાતો હું શિક્ષક
સફળતાનાં ઘોંઘાટમાં વીસરી જવાતો હું શિક્ષક
વેતન ઓછું છતાં વતન સાચવતો હું શિક્ષક
ઉષર જમીનમાં સંસ્કાર રોપતો હું શિક્ષક
સમજદારી ગણી ઘણું બધું સહતો હું શિક્ષક
છતાં, શાળા વર્ગ અને સમાજમાં....
નિખાલસ હસતો હું શિક્ષક

મને ખાલી પુસ્તકિયો ભાર ન આપો, હું શિક્ષક છું
મને માનવ ધર્મનો સાર ન આપો , હું શિક્ષક છું.
મારે સાકળ નહીં ઝાકળ જીલવાની હોય છે ,
આંખે મારી સરોવર બંધિયાર ન આપો, હું શિક્ષક છું.

મારે તો ચાંદ સુરજ ઉગાડવા છે વર્ગખંડમાં ,
સાવ મને મશીનનો આકાર ન આપો, હું શિક્ષક છું.
હું મથું છું ચોમાસુ જીવતું કરવા રોજેરોજ ,
મને સૂકા રણની રેતી ચિક્કાર ન આપો, હું શિક્ષક છું .

હું તો શાળાના વૃક્ષનું પતંગિયુ છુ ભલા આમ ,
લડવા હવા સાથે મને તલવાર ન આપો, હું શિક્ષક છું .
હથેળીમાં મેં હૂફ ચાચવી છે લાગણીની ,
તમે મારી હસ્તિને અંગાર ન આપો, હું શિક્ષક છું .

આખો હિમાલય ખળભળે છે મારી ભીતર ,
મને ખળખળ કોઈની ઉધાર ન આપો, હું શિક્ષક છું .
મારી ડાળે ડાળમાં ફૂટે છે આનંદની ટશરો,
મને ઉદાસી ભરેલી કોઈ સવાર ન આપો, હું શિક્ષક છું .

હું નથી મ્હોતાજ કોઇ એવોર્ડનો કે પ્રમાણપત્રનો ,
ખોટો સાવ નાટક્યો પ્યાર ન આપો, હું શિક્ષક છું .
હું ફૂલ છું નાજુક ભણતરનું ,પણ ભણાવવા દો,
કમોય જાવ એવા કામ હજાર ન આપો, હું શિક્ષક છું .

શાળા, બાળક, શબ્દો અને પ્રેમ ચારધામ છે મારા,
મને કાશી, મથુરા કે હરિદ્વાર ન આપો, હું શિક્ષક છું .

શિક્ષક દિનની શુભેચ્છાઓ ... !

શિક્ષક એટલે એક સમૃદ્ધ જ્ઞાનનો , પવિત્રતાનો, એક આદરયુક્ત ખૂણો, દરેક વ્યક્તિના મનનો, શિક્ષક અપૂર્ણને પૂર્ણ કરનારો , શિક્ષક શબ્દોથી જ્ઞાન વધારનારો, શિક્ષક જીવન ઘડવનારો, શિક્ષક તત્વથી મૂલ્યો ફૂલવનારો .

શબ્દોથી કવિતાઓ ભલે ને તું કેટલી બનાવે “હેરત",
મૂળાક્ષરોની બારખડી મને શીખવનાર તો ,
મારા શિક્ષક જ હતા ...!

- અજ્ઞાત

0 શાળા છોડતી વખતે આપતાં વિધાર્થીના અભિપ્રાય છે

સમય ને જો મુકીમાં બંધ કરી શકાતો હોત તો ?
સમયને પીંજરમાં પૂરી શકાતો હોય તો ?
પણ, સમય તો ફકત હૃદયમાં સ્મરણનું સ્વરૂપ આપી
અનુભૂતિ જ કરી શકાય છે...બસ ફક્ત અનુભૂતિ..
હા, આજે આપણી શાળામાં ભણી રહેલ ધો.૧૦,૧૨ ની વિદ્યાર્થીનીઓ તથા વિદ્યાર્થીઓનો વિદાય પ્રસંગ છે. આજે આપણે દર વર્ષની જેમ જ આ વર્ષે પણ એમને શુભેચ્છા આપવા એકઠાં થયાં છે. વિદાય લેતાં અમને ચોક્કસ દુ:ખ થાય છે. આજે જયારે શાળાનું આ પ્રાંગણ છોડવાનો સમય આવ્યો છે ત્યારે અમારા માનસ પર અહિયાં વિતાવેલી પ્રત્યેક ક્ષણો, ચલચિત્રોની માફક પસાર થઈ ગઈ. અને આમ અચાનક શાળા છોડી જવાનું થાય ત્યારે ખબર નહિ કેમ મૂક વેદનાઓ હૃદયમાં આકારો પાડી રહી છે.

શું આવા પૂજય ગુરૂજનો જેમણે અમારી કારકિર્દિ ઘડવા અથાગ પરિશ્રમ કર્યો. ભણતરની સાથે સાથે અમારો સર્વાંગી વિકાસ થાય તે માટે ગુરૂજનોએ અથાગ પરિશ્રમ કર્યો છે. અમારામાં રહેલી સુશુપ્ત શક્તિઓને ઢંઢોળી ઢંઢોળીને જગાડી છે. એવા ગુરુજનોને છોડી જવા ગમતાં નથી, અમારી સખીઓનો સાથ, ખટ્ટમીઠ્ઠા સંભારણા હસ્યા, રડયાં પાછા ફરી ભેગાં થયાં તે બધું જાણે આજે વર્તમાન બની અમારી નજર સમક્ષ પસાર થઇ રહ્યું છે. અમે બાળકોએ અમારી જીંદગીની મુખ્ય બાલ્યાવસ્થા અહીં પસાર કરી છે, કિશોરાવસ્થાની અનુભૂતિઓ અહિયા મેળવી છે. અમારા અકથ્ય ઉઠતાં પ્રશ્નોના જવાબો ગુરુજીએ આપી અમારી સમસ્યાઓનું સમાધાન કર્યું છે અને અમારી કારકિર્દીનો પાયો મજબૂત બનાવ્યો છે. અમારાથી કંઈ ભૂલો થઇ હોય તો ધો. ૧૦ ની વિદ્યાર્થી વતી ક્ષમા ચાહું છું અને ક્યારેક અહિયા આવીએ તો દિકરી/દિકરાઓની જેમ વહાલ વરસાવજો એવી આશા રાખીએ છીએ.

જીંદગી કી રાહોંમેં યું હી ચલતે જાયેંગે..
લમ્હે તો ગુજરતે જાયેંગે..
જો વક્ત બિતાયા હૈ હમને આપકી સાથ..
જીવન કે સફરમેં ગુનગુનાતે જાયેંગે... (૨)
"સમયની સવારી પર મનુષ્ય લાચાર છે (૨)
ક્યારે આવ્યા ક્યારે જઈશું એ એક સવાલ છે.
આજની આ વિદાય તો હતી ચોક્કસ..(૨)
છતાંય, હૃદય આમ કેમ વલોવાય છે ?"

આજે ધો.૧૦ અને ૧૨ ની વિદ્યાર્થીનીઓ/વિદ્યાર્થીનો શાળામાંથી પ્રગતિની રાહપર જવાનો દિવસ.

હું ધો.૮ અને ધો.૯ ની બધી વિદ્યાર્થીનીઓ/વિદ્યાર્થીઓ વતી પ્રગતિને પંથે જઈ રહેલાં મારાં સર્વ બહેનો/ભાઈઓને શુભેચ્છા પાઠવું છું. નિયંતાએ પ્રકૃતિમાં પરિવર્તનની રચના કરી છે. પરિવર્તન એ માનવીને તેની ઝંખનાઓને, તેની લાગણીઓને જીવંત રાખી શકે છે. જેમ બંધિયાર પાણી પીવાલાયક નથી હોત તેમ જીવનપણ જો પરિવર્તનશીલ ન હોય તો વ્યક્તિનો વિકાસ થઈ શકતો નથી. જન્મભૂમિનો પ્રાણથીયે પ્યારી હોય છે. પરંતુ કર્મ કરવા જન્મભૂમિથી દૂર જવું જ પડે છે. માતૃસંસ્થાને છોડતાં દુ:ખ તો થાય છે પરંતુ સામે મંઝિલે પણ પહોંચવાનું છે ને ? આજે તમે વિદાય લઈ રહ્યાં છો પછી અમારો વારો દર વર્ષે ગુરૂજનો, દિકરા/દિકરીઓને પાંખો આપીને આકાશમાં ઉડવાની પ્રેરણા આપે છે. આજ તમે જઈ રહ્યાં છો તેથી હૃદયમાં દુ:ખ તો જરૂર થાય જ છે. તમારા વિના અને શાળા પ્રાંગણ સૂનું લાગશે તમે આ શાળામાંથી જ્ઞાન પ્રાપ્ત કર્યું. ખટ્ટમધુરાં સ્મરણો હદયમાં ભરી લીધાં છે. શાળાની યાદ તો જીવનપર્યત ભૂલાય તેમ નથી, છતાંય જયાં જાઓ ત્યાં શાળાની મહેક પ્રસરાવજો , આ શાળાનો પ્રેમ, છોડવા માંગો, ભૂલવા માંગો છતાંય ભૂલાય તેમ નથી. શાળાએ ગુરૂજનોએ આપેલાં સંસ્કારોને દિપાવજો .

"જિંદગીની રામાં તમે સો ફૂલોફલો..(૨)
દિલથી દુઆ છે અમારી તમે સદા હસતાં રહો"

તમે દરેક ક્ષેત્રમાં જલવંત સફળતા પ્રાપ્ત કરો. તમારા માર્ગમાં હંમેશા ફલો પથરાય. જિંદગીના તમામ સોપાનો તમારા વિઘ્નવિના પસાર થાય તેવી ધો .૮ અને ધો.૯ ની તમામ વિદ્યાર્થીનીઓ/વિદ્યાર્થી વતી ઈશ્વરને પ્રાર્થના
અંતમાં ,
લમ્હે તો ગુજરતે જાયેંગે..
આપકી યાદ હમેં આતી જાયેગી ... (૨)
આપ યહાં સે ચલે જાઓગે તો ક્યા હુઆ..
કભી કભી તો રાહોં મેં મિલતે જાયેંગે..

(3) આજે ધો-૧૦ અને ૧૨ ની વિદ્યાર્થીઓના/વિદ્યાર્થીના વિદાય પ્રસંગે હું ધો.૧૨ નાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના પ્રતિનિધિ તરીકે પ્રતિભાવો આપતાં શું કહેવું ? એ જ સુઝતું નથી. વિદાય. વિદાય શબ્દ જ દુખ આપ છે જીંદગી નો અમૂલ્ય અવસર વિતાવ્યો હોય તો એક પારણાં માં અને એક શાળામાં પારણામાં નિશ્ચિત . ત્યાં નથી હોતું વિદાયનું દુ:ખ. નથી હોતો આગમનનો હર્ષ, પણ શાળામાં જગતને સમજવાના કારકિર્દી ઘડવાના નાના સપનાઓ સાથેનો આ સમય પૂર્ણ થાય છે ત્યારે ધો.૧૦ અને ૧૨ ની સમગ્ર વિદ્યાર્થી/વિદ્યાથીનીઓ આ શાળાનું પ્રાંગણ છોડતાં દુ:ખ અનુભવીએ છીએ. જીવનના દરેક સોપાને માર્ગદર્શન આપતાં અમારાં ગુરૂજનો, સ્પર્ધાત્મક જીવનમાં ટકી રહેવા માટે શાળામાં અવનવી સ્પર્ધાઓ યોજી અમારામાં રહેલું વ્યક્તિત્વ બહાર કાઢવાના સફળ પ્રયાસો કરનાર ગુરૂજનોને અમારે છોડવા પડશે તેવી કલ્પના પણ નહોતી કરી તે હકીકત બની અમારી સામે આવી રહી છે ત્યારે ધો. ૧૨ ના તમામ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ જાણે પોતાના પિયર પારકું કરતી. દિકરી જેવું દુ:ખ અનુભવીએ છીએ. તમે અમારી પ્રગતિ ઈચ્છો છો તેથી આ શુભેચ્છા સમારંભ યોજયો છે તે બદલ સર્વ ગુરૂજનોનો તથા મારી નાની બહેનો/ભાઈઓનો ધો.૧૨ ના તમામ વિદ્યાર્થી/વિદ્યાથીની વતી હું આભાર માનું છું. શાળાકીય જીવન શરૂઆતથી અંતના વર્ષોમાં એક આગવું મહત્વ

ધરાવે છે અને તેનું સંસ્મરણ તો રણમાં વિરડી સમાન હોય છે. આ શાળાના સ્મરણો હૃદયમાં ભરી અમે જઈ રહ્યાં છીએ. ગુરૂજનોનો પ્રેમ પામી અમે અહિથી જઈ રહ્યાં છીએ. તમારા આશીર્વાદ અમારી જીવનનૈયાને પાર ઉતારશે. આ શાળાના સંભારણા તો ક્યારેય નહિ ભૂલાય. આપણી શાળા જેવી ક્યાંય બીજે શાળા નથી. અમારી ભૂલોની ક્ષમા યાચુ છું તથા જ્યાં જઈશું ત્યાં આપણી શાળાના સંસ્કાર દિપાવવા તેની મહેક પ્રસરાવવા તમામ પ્રયત્ન કરીશું.

અંતમાં...
બિતે હુએ લમ્હો કી કસક સાઝ તો હોંગી...
યાદો કી મહેંક તો દિલો સાંસમેં હોંગી...

(૪) ૦ આદરણીય આચાર્યા બહેનશ્રી, અને ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભાવતા માનવંતા મહેમાનશ્રી પૂજ્ય ગુરૂજનો વહાલી સહાધ્યાયી બહેનો...
આપણી ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ કોઈ પણ ક્ષેત્રમાંથી વિદાય લેવાય એટલે તેમને શુભેચ્છાઓ પાઠવીએ..આજે પણ આ ભવ્ય પરંપરાને વર્ષોથી વળગી આપણી શાળામાંથી માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ પૂરું કરી પ્રગતિ કરવા બહેનો જઈ રહી છે ત્યારે હું ધો.૧૧ ની સર્વ વિદ્યાર્થીનીઓ વતી અમારા વડિલ તથા નાની બહેનોને શુભેચ્છા પાઠવું છું કે તેઓ પોતાની કારકિર્દી ખૂબજ ઉત્તમ રીતે ઘડે. જીવનમાં દરેક સોપાને તેમને કામિયાબી મળે, શાળાનું હર્યુભર્યુ પ્રાંગણ તેમની વિદાયથી સૂનું બની રહ્યું છે. પરંતુ આ વિદાયમાંય તેમની પ્રગતિ છે. અને તેમના કદમ પ્રગતિના પંથ પર પડી રહ્યાં હોય ત્યારે એ વિદાય વિદાય ન રહેતાં હેત પૂર્ણ યજ્ઞ બની જાય છે અને આ પ્રગતિના યજ્ઞમાં જેટલું કર્મફળ નાખીશું તેટલી જ સિદ્ધિઓ વધુને વધુ પ્રાપ્ત થશે. મારી બહેનો....
" કદમ એ રીતે ઉઠવા જોઈએ ગતિ આપ મેળે માર્ગ બનાવે (૨) and no room
કામ એવા હોય કે સુમન થઈ શૂળો જ રસ્તો બતાવે. "
તમારી રાહમાં ફૂલો પથરાય, તમારાં જીવન આનંદમય સુખમય રહે તથા જ્યાં જાઓ ત્યાં આપણી શાળાની મહેક પ્રસરાવજો. તેવી આશા રાખું છું.
આ શાળાની મહેક તો તમે કે હું ક્યારેય નહિ ભૂલી શકીએ અહિંના સંસ્મરણો હૃદયમાં ભરી લેજો. કારણ કે જીવનની પડકારક્ષમ ઘડીઓ આવે ત્યારે આ સ્મરણો તમને હિંમત અપાવશે. તમારામાં આનંદપ્રગટાવશે કારણ કે જીવનના મૂલ્યવાન વર્ષો, નિર્દોષ મસ્તી, જગતથી પર રહી નિસર્ગમાં મસ્ત બન્યા હોય તો તે ફકત શાળામાં જ. અવનવું જ્ઞાન પ્રાપ્ત કરવાના સ્વપ્ન , જિજ્ઞાસાવૃત્તિ, નિર્દોષતાના સંગમ ભરી શાળામાં પ્રવેશ્યા હોય તેની યાદો કઈ રીતે વિસરાય ? આ શાળાનું ત્રણ તો ક્યારેય તમે કે હું ચૂકવી શકીશું નહિ. પરંતુ આપણી શાળાનું નામ રોશન થાય તેવા પ્રયતનો આપણે જરૂર કરી શકીએ.
અંતમાં
આંખોમાં પાણી છે ને હોઠમાં જાય છે..
આજની વિદાયમાં ચોક્કર કાંઈ તથ્ય છે .
હદયના બંધનો આમ છોડી જશો કેમ ચાલશે ?
તમારી યાદોને મૂકી જશો તોય અમને ફાવશે.
કભી સોચા ન થા (૨)
કી યહ દિન ભી આયેગા
પ્રગતિ કે બહાને હમેં આપકા પ્યાર છોડના પડેંગા.
સરકગયા મુજ જીવનકા એક ઉત્સવ યહાં (૨)
હૈયે ખેલે, કૂદે ઈસ સ્કુલકી માતૃભૂમી મેં હમ આજ બિદા કે સમય દીલ જલતા હૈ.
કહાં ગયે વો દિન આજ મેરા દીલ બેચેન હુવા હે.

ભગવાન મુજે કુછ માંગને કો કહે તો મે યહી માગુંગી કી મેરે સ્કુલ કે દિન મુજે લૌટાદે. બિદાઈ તો બિદાઈ હી હોતી હૈ યે લબ્ઝ હમેં દુઃખ તો જરૂર પહુંચાતા હે પર જીવન કી રફતાર મેં હમેંભી તો આગે ચલના હૈ પર મેં યહી કહું ગી આજ બિદાઈ કે દિન જો દીલ મેં કસક હો રહી હે વો શાયદ મેં નહીં બતા પાતી. કેસે ભૂલ શકતી હું જહાં મૈંને અપને જીવનની નીંવડાલી હૈ મેરી પ્રગતિ કી રાહો મેં હમારે ગુરૂ ને અજ્ઞાન કે કાંટે અપને હાથો સે દૂર કીયે હૈ. ઔર હમારે પથમેં ફૂલ બિછાયે હૈ મેરા બચપન ઈસ સ્કુલ કી મીટ્ટી મેં બડા હુવા હૈ. ઈસ સ્કુલ કી ઈંટ ઈંટ સે હમેં પ્યાર હો ગયા હૈ. યહ સ્કુલકા છોટાસા આંગન હમારી માં કા સીના થા, યહ ગુરૂજી હમારે જ્ઞાનદીપકો જલાનેવાલે ઈશ્વર હૈ. યહ પ્યારી સખીયાં કો હમ કૈસે ભૂલે ? જીસકે સાથ તો હમારે જીવનકી યાદે જુડી હુઇ હૈ

બિતે હુવે લમ્હો કી કસક સાઝ તો હોગી,
યાદો કી મહેંક તો દીલો સાંસ મે હોંગી.

આજતક હમને સ્કૂલ કો અપના સમજા હૈ જૈસે બેટી બાબુલ કા ઘર અપના સમજતી હૈ વૈસે હમ ભૂલ હી ગયે થે, હમ તો ગુરૂજીકી બેટીયાં હૈ. હમેં ભી પ્રગતિ કે બહાને યહ આંગન છોડના પડેંગા, હમ જહાંભી જાયેંગે ઈસ
સ્કૂલ કે-દીન યાદ કરેંગે. સ્કૂલ કા નામ રોશન કરેંગે, યહ હમારા વાદા છે.
બસ હમેં આપકા પ્યાર ઔર આશીર્વાદ દેદો.

---

વિદાયની ક્ષણોએ...

આજનો દિવસ વિદાયનો છે ભારતીય સંસ્કૃતિની પરંપરામાં આ પ્રસંગ નું મહત્વ મોટું છે, કારણકે પ્રાચીન સમયથી ગુરુ શિષ્યના સંબંધો મૂલ્યલક્ષી હતા અને રહ્યા છે, શિષ્ય ગુરુના આશ્રમમાં શિક્ષણની દીક્ષા લેવા જતા ત્યારે શિષ્યએ  આશ્રમના નિયમોનું પાલન કરવાનું રહેતું હતું. માતા-પિતા બાળકને પોતાના હૈયા થી વિખૂટો પાડી સંપૂર્ણ આત્મવિશ્વાસ, શ્રદ્ધાથી ગુરુ ને સમર્પિત કરતા. ગુરુ પોતાના શિષ્યો નું જતન પોતાના પુત્રની માફક તેના વિકાસક્રમમાં તેના ભણતર અને ઘડતર માં મોટો ફાળો આપતા. આપણે સાંદિપની ઋષિના આશ્રમ ની વાત ઈતિહાસ માં ભણ્યા છીએ કૃષ્ણ અને સુદામાની ગુરુભક્તિ કેટલી ઊંચી હતી.? આજે ૨૧મી સદીમાં શિષ્ય ગુરુના સંબંધોમાં જે તિરાડ દેખાય છે તેમાં ગુરુની આચાર સહિતા બદલાય છે. ગુરુમાં કર્તવ્યનિષ્ઠા, ઉચ્ચ આદર્શો થી સભર આચરણ વગેરે બદલાયા છે, આજે ગુરુ અને શિષ્યના સંબંધો વેપારી ગ્રાહક ના બનતા જાય છે. આવા સમયે પણ આપણી શાળાની ઉત્તમ પરીક્ષા જક ભાવનાઓ, આદર્શ શાળા માંથી મળેલા ઉચ્ચ સંસ્કારોથી આપણે આપણી જીવનશૈલી ઉચ્ચ બનાવી શકીશું. ધોરણ ૧ થી ધોરણ ૮ સુધી અમે આ શાળામાં રહ્યાં તે દરમિયાન ગુરૂજનો એ તેમની શક્તિ યથોચિત રીતે દાખવીને આપણને લોકશાહીના સાચા મૂલ્યલક્ષી નાગરિકો બનાવવાની ભાવનાથી કામ કર્યું છે અને તે માટે જેમ કાચી માટીને ગુંદી ને તૈયાર કરવા જે પ્રયાસ કુંભાર કરે છે અને પછી પાકા ઘાટ આપે છે તેવી જ રીતે ગુરુજનો એ અમને પાકા ઘાટ આપ્યા છે.

અમને કંડારવામાં એક માતા પિતાની માફક ક્યારેક મીઠો ઠપકો,  કડકાઈ ભર્યુ વર્તન તો ક્યારેક ચોટી નો પણ ઉપયોગ કરવો પડ્યો હોય કારણકે આજનું શિક્ષણ કેવળ પરીક્ષાલક્ષી ન બને તેની ચોકી કરતા કરતા જીવન ઘડતરના મૂલ્યો દયા, પ્રેમ, કરુણા, સત્ય કે સદાચારને સ્થાપિત કરવાનું કામ કેટલું કઠિન હોય છે તે માટે તડપવું પડે છે આ બધી પ્રક્રિયાઓ ખૂબ સરળ રીતે સમજાવી અમને શિક્ષણરૂપી દીક્ષા આપી જીવન ઉત્કર્ષ બને તેવા પ્રયત્નો કર્યા છે, જે કુટુંબ માટે, સમાજ માટે કે રાષ્ટ્ર માટે ઉપયોગી નીવડશે તેવી મારી અભિલાષા છે.

વિદાયની પળ વસમી હોય છે, અમોને પણ આવી રૂડી શાળા, હઠીલા આચાર્ય સાહેબ, જ્ઞાનના ભંડાર એવા વિદ્વાન ગુરુજનો, કરુણામૂર્તિ સમાન બેન તથા શાળા પરિવાર ના વિદ્યાર્થી ભાઈ -બહેનો તથા નાના ભૂલકાઓને છોડતાં દુઃખ થાય જ, પરંતુ ભાઈઓ-બહેનો આ આપણો  યુદ્ધ કાળ  છે તેના આગળ ધપાવવાનું હોવાથી અમોને આનંદ છે, ગૌરવ છે અને શ્રેયકર છે.

## A will will Find away

એ  યુક્તિ ને  ચોક્કસ સાર્થક  કરીશું

આ શાળા ના ઝાડવા,આ શાળાની માટી ,આ શાળાના સારા વિચારો અમને ઢંઢોળીને કહી રહ્યા છે . જ્યાં જાઓ ત્યાં આદર્શ સંસ્કારોને ભૂલતા નહીં ભવિષ્યમાં ભારતના સારા નાગરિકો બનીને રાષ્ટ્રનું ઋણ અદા કરીશું આવી ઉદાત ભાવના થી અભ્યર્થના કરી આશીર્વાદ ગ્રહણ કરું છું .

આ વિદાય છે પરંતુ પ્રગતિના દ્વાર ખોલવા ની નવી દિશા તરફ અમને અમારા ગુરુજનો મોકલી રહ્યા છે. એક મોટી બેન માતા કે પિતાની ભૂમિકા ભજવતા તેઓ તરફથી મળેલ  સંસ્કાર ,વારસો જીવન માટે ઉત્તમ ભાથુ ગણી
જીવનને ઉર્ધ્વગામી બનાવવા સુખરૂપ પ્રયાણ કરીશું.

અંતમાં
સર્વે યત્ર સુખીનાંસંતુ , સર્વે સંતુ નિરામયા
સર્વે ભદ્રાણી પશ્યન્તુ , માં કશ્ચિત  દુઃખ માપનુંપાત્ .

મારા ગુરુજનોને મારા કોટી કોટી વંદન ...!

૧) વિદાય આપતી વેળાએ....

"જ્યાં જ્યાં મિલન છે ત્યાં ,
ત્યાં ત્યાં જુદાઈ છે,
તોય વસમી લાગે આ વિદાય,
પળમાં ભેળા તો પળમાં જુદાઈ ."

પ્રકૃતિનો નિયમ છે સૂર્ય ઊગે છે તો આથમવા માટે જ. ને આથમે છે તો જ એક નવી સવાર લઈને બીજા દિવસે ઉગે છે. ફૂલ ઉગે છે તો કરમાય પણ છે ને કરમાય છે તો જ ડાળી પર નવા ફૂલ ઉગે છે, પાનખર પછી વસંત અને વસંત પછી પાનખર એ દૃષ્ટિ નો નિયમ છે, ને એટલે જ આજે આપણી આ શાળામાંથી આપણા વહાલા બાળકો જઈ રહ્યા છે ત્યારે આપણને દુઃખ ઘણું થાય પણ સુખની વાત પણ એ છે કે તેઓ પોતાના જીવનમાં આવનારી એક નવી સવાર ના ઉદય માટે જઈ રહ્યા છે, અહીંથી આપણી શાળાનો અભ્યાસ કરી આગળના અભ્યાસાર્થે એક નવા જ મુકામે જઈ રહ્યા છે જ્યારે આ શાળામાં તેઓ આવ્યા તેઓ નાના છોડવા હતા ,કોરી સ્લેટ હતા આપણી શાળા એ તેમનામાં જે ભણતર, ગણતર ના પાઠ ચણીયા છે તેનું ભાથું લઇ તેવો જઈ રહ્યા છે ત્યારે એટલું જ કહીશ જિંદગીના નભમાં તેઓ હંમેશા આગળ વધતા રહે આજના સ્પર્ધાત્મક ને ફાસ્ટ ફોરવર્ડ જમાનામાં તેઓ અગણિત તારાઓ વચ્ચે સિતારા થઈને ચમકે ને આપણી શાળાનું, પોતાના સમાજનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવું છું, બસ છેલ્લે એટલું જ

"યાદ આવે તો યાદ જરા લાવજો.... ! એ હવે આવજો. "

૨) વિદાય આપતી વેળાએ...

પરિચિતોને ધરાઈને જોઈ લેવા દો
પછી આ હસતાં ચહેરા મીઠી નજર મળે ન મળે
ભરી લો આંખમાં રસ્તાઓ ગલીઓ,
પછી આ ડગર આ નગર મળે ન મળે,
રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં
પછી કોઈને કોઈની કબર મળે ન મળે.

સમયના કોઈએ બાંધ્યો છે, ન બાંધી શક્યું છે , સમય તો એના સમયે એનું કામ કરી જ જાય છે, હમણાં જ એવું લાગે કે કાલ જાણે નાના ભૂલકા બનીને શાળા પ્રવેશોત્સવ ના દિવસે જ અમારી પાસે કુમકુમ તિલક કરાવતા'તા. કેટલાક હસતા'તા તો કેટલાક રડતા'તા, કેટલાકની આંખોમાં કુતૂહલ હતું, કેટલાકની આંખમાં નવું જોવાની જિજ્ઞાસા, કેટલાક તો કંઈ જ બન્યું હોય તેમ શૂન્ય મનસ્ક , તો કેટલા જાણે એવરેસ્ટ સર કરવા આવ્યા હોય તેટલી ઉત્સુકતા .

મને જાણે એવું લાગતું કે નાના પંખીડા પોતાની નાની નાની પાંખો લઈને અમારી શાળામાં ઉડવાનું શીખવા આવ્યા છે. અમારાથી થયું તે બધું જ અમે શીખવ્યું, ભણતરની સાથે ગણતર પણ શીખવ્યું, શિક્ષણની સાથે સંસ્કારને સભ્યતા પણ, અરે બેસતા નહોતું આવડતું તેને બેસતા, ને જરૂર પડી ત્યાં ઊભા રહેતાં પણ શીખવ્યું. દોડવાનું, રમવાનું, અટકવાનું, લટકવાનું બધું શીખવ્યું ને ઉડવાનું પણ શીખવ્યું ને આજ અમારા એ નાના ભૂલકા એક નવા જ આકાશમાં ઊડવા માટે આપણું આ ઉપવન છોડીને જઈ રહ્યા છે. દુઃખ ઘણું થાય છે પણ એ જશે તો બીજા નાના ભૂલકા આવશે, ને આ ઉપર છોડી ખુલ્લા આકાશમાં જશે. બીજુ ઘણું ઘણું જોશે શીખશે ને પોતાના જીવનમાં આગળ વધશે, ને એટલે જ તેઓ પોતાના જીવનમાં ખૂબ આગળ વધે પોતાના સારા સ્વપ્નાઓ સાકાર કરે, આપણા બધાની ઉમ્મીદો પર ખરા ઉતરે તે અભ્યર્થના સાથે હું શાળા પરિવાર વતી શુભાશિષ પાઠવું છું.

બસ એ જ અભ્યર્થના આપ આપણા ઉત્તરદાયિત્વ માં પૂર્ણપણે અંતર્નિહિત બનો તેવી મનની લાગણી અને હર્ષની લાગણી સાથે માં સરસ્વતી ના ચરણોમાં વંદના